## નં.૭૪ સારૂં કહી નરસુ આપનારની ગતિ

મરી નરકમાં નિસર્યો, પડયા બહુધા માર.
પટક્યો પત્થર ઉપરે, ઉપર ખડગ પ્રહાર.
વિંધ્યું એનું કાળજું; કરતો શોર બકોર.
સાંભળી આક્રંદન એહનું, મારે માર પરમાધામી
ચકોર.

"વિશ્વાસઘાતી મહાપાપી" બીજાને વિશ્વાસ આપી સારૂં દેખાડી નરસું આપનારને ત્યાં નરકાવાસમાં પરમાધામીઓ પત્થર ઉપર પટકે છે. અને ઉપરથી ખડગનો પ્રહાર કરે છે. એના પેટમાં ફરસી ભોંકી દયે છે. વિવિધ પ્રકારની પ્રતાડનાવડે રીબાવે છે.

સરસ વસ્તુ દેખાડીને; કપટ કરે દિન રાત.
પરભવમાં યમદૂતની, ખાય ઘણેરી લાત.
આરંભ પરિગ્ગહ વજ્જીયાણ નિવ્વહઈ અમ્હ ન કુડુંબં।
ઈય ભણિયં જસ્સ કએ આણુસુ તં દુહ વિભાગત્થં ॥૧૩૯॥
—શ્રી ભવ ભાવના

આરંભ અને પરિગ્રહ વિના અમારા કુટુમ્બનો નિર્વાહ ન થઈ શકે! આમ બોલતાં-બોલતાં જે કુટુમ્બને માટે તેં પાપ ઉપાર્જન કર્યું-તે પાપ ભોગવવાને માટે હવે તું તારા કુટુમ્બને બોલાવ.

પાપ કરી ધન જોડીયું રે, ખાશે સહુ પરિવાર.
પાપ તણું દુખ તું સહીશ રે, સગાંન લેશે લગાર રે
પ્રાણી! લોભ કપટને. છોડીને રે સુતો કેમ હવે જાગ



## નં.૭૫ થાપણ ઓળવનાર

ફૂડ કપટ કરી ઓળવી; પર થાપણ ધન રાશ.
દઈ વિશ્વાસને વંચીઓ; ઉપર પાડયા ત્રાસ,
ગરીબ બિચારા બાપડા; ભાંગી સઘળી આશ,
પર થાપણના થર કર્યાં, પાપે કમાણો રાશ,

માણસ માણસના વિશ્વાસ ઉપર પોતાની સર્વ સમ્પત્તિ તેને આપી દે છે. તેને વિના લખાણે; વિના વ્યાજે પોતાની પુંજી માત્ર ભરોસા ઉપર આપવામાં આવે છે ત્યારે તે વિશ્વાસનો ઘાત કરી બધું દબાવી દયે છે, આવા માણસો મનુષ્યતા માટે કલંક સ્વરૂપ છે.

## થાપણ ઓળવનાર થાવરચંદ

મોટી દુકાન, મોટો ધંધો, અને દેખાવમાં સારા, એટલે દરેક માણસ વિશ્વાસ કરી દયે તેવા.

પોપટભાઈ પટેલ શ્રદ્ધાળુ માણસ અને થાવરચંદભાઈ સાથે પ્રતિદિન મળવાનું હોય એટલે પાંચ હજારની પુંજી વિના લખાણ વિશ્વાસ ઉપર થાવરચંદભાઈને આપી દીધી.

ત્રણ વર્ષ પછી પોપટભાઈ પટેલ પાંચ હજાર રૂપિયા લેવા ગયા ત્યારે થાપણ ઓળવનાર થાવરચંદ જવાબ આપે છે; કયા રૂપેયા અને મને તમે ક્યારે આપેલા? બધું ખોટું. જાઓ જાઓ મારી પાસે તમારા કોઈ રૂપિ[illegible] પોપટભાઈ પુરાવા વગરના નિરાશ થઈ ઘેર આ[illegible] ચંદને ગળામાં કેન્સર થયું. અને તે રોગથી [illegible] પામી દુર્ગતિ પામ્યો,

# નં. ૭૬ થાપણ ઓળવનારની ગતિ

અનરથ કર્મ જ આદરી, સહે નરકનો ત્રાસ.
જઈ નરકમાં ઉપન્યો, સર્પો વળગ્યા તાસ.
ડંખ ઉપર ડંખ મારીયા, ફેલ્યું સઘળું અંગ.
ઝેર ઝેર વ્યાપી ગયું; સહ્યા કર્મના જંગ.

ત્યાં નરકવાસમાં પરમાધામીઓ સર્પનું રૂપ કરી ડંખ મારે છે, સારૂં શરીર ઝેરથી વ્યાપ્ત થઈ જાય છે. તે પરમાધામી ક્યારેક વિચ્છુ થઈ ડંખથી રડાવે છે, રીબાવે છે, અને ત્રાસ આપે છે.

પરનું થાપણ ઓળવનાર હિંસાનો ભાગીદાર થાય છે. શાસ્ત્રકાર કહે છે.

થાપણુ ઓળવી પરતણુંજી, થઈ બેઠો ધનવાન.
કળપે કળ કળ આતમાજી, ભૂલ્યો પરભવનું ભાન.

થાપણુની સજ્ઝાય

ધારિજ્જઈ અંતો જલનિહીવ કલ્લોલભિન્ન કુલસેલો!
ન હુ અન્નજમ્મ નિમ્મિય સુહાસુહો દેવ્વ પરિણામો ।। ૧૭૦ ।।

શ્રી ભવ ભાવના

તરંગોથી પર્વતને ભેદનારા મોટા સમુદ્રને રોકી શકાય છે, પણ અન્ય જન્મમાં કરેલા શુભાશુભ કર્મના પરિણામોને ખરેખર રોકી શકાતા નથી.

માણુસના શરીરમાં ૧૦ પ્રાણ છે. પણ પૈસો ૧૧મા મા. સમાન છે જે પરની સમ્પત્તી ઓળવનાર જીવ નરકનાં દુંતા દુખો અનુભવે છે.

પાપ્ય અથવા કોઈ પણ બીજા જીવની લક્ષ્મી હરવું પાપ સ્વ પ્રાણ હરણ કરવા જેવું છે. માટે પરધન પ્રાણી! માનવું.



ઓછું આપનાર અને ખોટું લખનાર

# નં. ૭૭ ઓછું આપનાર

ઓછુ જોખી આપતો, પૈસા મુકી પાસ.
છેતરવું તે આપણું, ખુબ કમાવી રાશ.
નીતિ અનીતિ ન ઓળખી; વધી ધનની પ્યાસ
સર્વસ્વ એને માનતે, ધન છે મારી પાસ

ગ્રાહકને વાતોમાં લગાડી, છેતરપીંડી કરે અને ઓછું તોલી આપે. અને પોતે મનમાં પ્રસન્ન થઇ પોતાની બુધ્ધીમત્તા માને.

# આ છે મહેતાજી

શેઠ ખુશ થઇ મહેતાજીને ધન્યવાદ આપે એટલે મહેતાજી ફુલીને ફુગ્ગો થઇ જાય, માણસોની નજર બચાવી કાંટો કઢાવી દે, સારો (આખો) દિવસ બ્હેનોને છેતરે, બાળકોને ઓછુ આપે, અને પોતે શેઠ સામે પોતાની હોશીયારી દેખાડે.

લાભ તો શેઠને મળે પણ પાપના પોટલા મહેતાજીએ બાંધ્યાં, પાપોદયથી શરીરમાં રક્તદોષ થયો, કોઢના ચિન્હો ફુટી પડયાં, શેઠે પણ કાઢી મુકયા હવે મહેતાજી ભીખ માગે છે.

જોયું આ છે મહેતાજી, પાપનો પરિપાક મહેતાજીને ભોગવવો પડયો, ભયંકર શરીરના વ્યાધિથી મહેતાજી મરીને અધોગતિ પામ્યા. પરપોષણ (બીજા) માટે ઘોર કર્મો કરી આત્મા નરકગામી થાય છે, એમ જાણી ન્યાય પૂર્વક વ્યાપાર કરવો;

## નં. ૭૮ ઓછું આપવાનુ ફળ

પણ પટકાણો નરકમાં, ફટકા પડયા તાસ.
ભારે મારી મુદગરો; દીધો બહુધો ત્રાસ.
પરમાધામીએ પટકીયો, માર્યું મુદગર તાજ.
નહિ કરૂં-નહી કરૂં કહે, કોણ ! છોડાવે આજ.

ત્યાં નરકાવાસમાં પરમાધામીઓ મુદગર લઈ મારે છે અને ભયંકર રૂપ વિકુર્વી ઓછુ આપનારને બીવડાવે છે

ત્યાં માપ તોલમાં ઘટાડો કરનારાઓની મહા ખરાબી થાય છે, લોકો પાસેથી જ્યારે પોતાનો હક્ક માપીને લે ત્યારે તે પુ ભરી લે છે અને જ્યારે તેમને માપીને અથવા તોલીને આપે ત્યારે એ ઓછું આપે છે.

—કુર્આન શરીફ ભાગ ૩૦ મો

તત્થવિ પડંત પવ્વય સિલાસમૂહેણ દલિયસવ્વંગા ।
અઈં કરૂણં કંદંતા પપ્પડપિઠુંવ કીરંતિ ॥ ૧૫૬ ॥

—શ્રી ભવ ભાવના

ત્યાં નરકાવાસમાં પડતી પર્વતની શીલાઓના સમૂહથી સર્વઅંગ ભાંગી જવાથી અતિકરૂણ વિલાપ કરતા તેમને પાપડના લોટ જેવા કરવામાં આવે છે.



## નં. ૭૯ ખોટા નામા લખનાર

પાપે પૈસો મેળવ્યો, ઘણું સજાવ્યું ગાત.
રોજનામા ખોટા માંડીયા, ધુતિ માનવ જાત.
ગરીબ અભણ અજ્ઞાની સમ, સમજે નહિ લગાર.
ધનને લઈ આ લોભીઓ કરે પાપનું ભાર.

અભણુ ખેડુત અથવા વિશ્વાસવાળા માણસોને છેતરી ાટા ચોપડા લખી ખુશી થાય છે, અને તેથી ભેગી કરેલ મીથી સુખ માણે છે,

## જેવું ધન તેવું મન

ખેડુતોમાં લેણ દેણ કરનાર વગતાજી ગામડાના ાા. ખેડુતો બિચારા ગરીબ એટલે તેમને પુછ્યા સિવાય કામ ન કરી શકે, બાર માસ પસીનાની કમાણી ા વગતાજી આવે અને ખોટા ચોપડા દેખાડી બધું લઈ જાય,

વર્ષ સારુ હતું, અન્ન ખુબ થયું, માણસો હિસાબ ા ગયા; શેઠે ચોપડા ખોલ્યા અને તેથી ચારગણા પૈસા ખીનાખ્યા અને ખેડુતોની અંગૂઠા નિસાની લઈ લીધી. ામ જીવનભર અન્યના લોહીની કમાણી કરી જે ધન ાવ્યું હતું તેથી મોટી બિલ્ડીગ બનાવી. જે ધન હક્ક ારનું હોય તે કયારે પણ ન ટકી શકે-જેવું ધન તેવું મન

પાપનો ઘડો ભરાણો અને અતિવૃષ્ટીના પ્રકારથી ીલ્ડીંગ ભાગીને ભુકકો થઈ ગયું જે ધન આવ્યું તે માર્ગે ું શેઠ જેવાના તેવા રહ્યા અંતે મરીને દુર્ગતિ પામ્યા

## નં. ૮૦ ખોટાનામા લખવાનું ફ[ળ]

જઇ નરકમાં ઉપન્યો, તીરો મારે આરોપાર.
પરમાધામી જોર થી, છોડે તીર અપાર,
તીર ચપો ચપ ચાંપીયા, રક્તની ઉછળે ધાર,
અંગ વિંધ્યાં લોભી તણાં, ન કરે દયા લગાર.

પરમાધામીઓએ તીક્ષ્ણ તીરો વડે સારૂ અંગ ચા[ળ]ણીની જેમ છેદી નાખ્યું અને પરમાધામીઓ ઉપરથી [ત્રાસ] આપી રીબાવે છે. રૂધિરની ધારા વહે છે તે વખતે જી[વ] ઘણો ગભરાય છે. પણ ખોટા નામા લખી એકના [...] કરી પરને જે કિલામના (દુઃખ) આપી તેનું ફળ ભોગ[વ્યા] સિવાય છુટકો નથી.

નરકગતૌ કુન્તાગ્રભેદકરપત્રશિરઃપાટનશૂલારોપણ-કુમ્[ભિ]પાકાસિ પત્રવનકૃતકર્ણનાસાદિચ્છેદં કદમ્બવાલુકાપથગમ[ના]દિરૂપમનેકપ્રકારં દુઃખમેવ નિરન્તરમ્, નાક્ષિનિમીલનમા[ત્ર]મપિ તત્ર સુખમ્ ।

નરકગતિમાં ભાલાના અગ્રભાગથી ભેદાવું, કરવત[થી] મસ્તકને વિદારવું. શૂળી પર આરોપણ કરવું, કુંભિ[માં] પકાવવું, અસિપત્ર વન વડે કર્ણ નાસિકા વિગેરેનો [છેદ] થવો, કદમ્બ પુષ્પાકાર રેતીના માર્ગે ચાલવું વિગેરે અને[ક] પ્રકારનું નિરંતર દુઃખ છે. આંખનાં પલકારા જેટ[લા] સમયમાં પણ ત્યાં સુખ નથી.

—શ્રી નન્દીસૂત્ર-મલયગિરિજી-[વૃ]ત્તિ

卐



ખરાખોટા ધાન્ય વેચવાવાળાની અને ભેળસે[ળ]